# આંતરરાજ્ય ચોર ટોળકી પાસે 110 મોબાઈલ કબજે

**ઝારખંડની** ટોળકીના બે છ વર્ષ પૂર્વે અમદાવાદમાં પકડાયા હતા



સુરતઃ સુરતના લિંબાયત વિસ્તારમાંથી આંતરરાજ્ય મોબાઈલ ચોર ટોળકીના બે સાગરિતોની ધરપકડ કરવામાં આવી હતી. તા. 5-5-26ના રોજ સુરત શહેર પોલીસ કન્ટ્રોલ રૂમમાં એક ફોન આવે છે. જેમાં ફોન કરનારી વ્યક્તિ એવું કહે છે કે મારું મકાન છે તેનું તાળું તોડી કોઈ અજાણ્યા માણસો પોતાનું તાળું મારી નાસી છૂટ્યા છે. આટલી જાણકારી કન્ટ્રોલ રૂમ તરફથી આ જાણકારી લિંબાયત પોલીસને આપવામાં આવી હતી. એ સાથે જ લિંબાયત પોલીસની ટીમે તપાસ કરી તો આ મકાનમાંથી બિનવારસી હાલતમાં 47 મોબાઈલ મળી આવ્યા હતા.

આટલી ઘટના બન્યા બાદ બનાવની ગંભીરતાને ધ્યાને લિંબાયત પોલીસની ટીમે ઉંડાણપૂર્વક તપાસ કરી તો દુર્ગા ચુન્દવા કર્મકાર (ઉ.વ.22, ક્રિષ્નાનગર, લિંબાયત, મૂળ વતન ઝારખંડ)અને પ્રેમકુમાર ધર્મેન્દ્ર મહંતો (ઉ.વ.18, રહેઃ સાંઈનગર સોસાયટી, ગોડાદરા, મૂળ વતન ઝારખંડ)ને પકડી પાડ્યા હતા.

જેના કબજામાંથી બીજા 16 મોબાઈલ મળી કુલ 63 મોબાઈલ કબજે કર્યા હતા. બન્નેને આકરી પૂછપરછ કરતા બન્ને પાસેથી રૂ. 30.29 લાખની કિંમતના 110 મોબાઈલ,74 સીમકાર્ડ, 140 મોબાઈલની કવર અને રોકડા રૂ. 25 હજાર મળી કુલ 30,54000ની મતા કબજે કરવામાં પોલીસ સફળ રહી હતી.

## ચોરીના મોબાઇલ રાખવા અલગથી મકાન રાખતા હતા

આ ગેંગની મોડસ ઓપરેન્ડી અંગે બલરામ મીણાએ કહ્યું કે આ ગેંગના સાગરિતોને રહેવા માટે અલગ મકાન અને ચોરીના મોબાઇલ રાખવા માટે એક અલગ મકાન રાખવામાં આવતું હતું. મોબાઇલ ચોર્યા બાદ મકાનમાં રાખી દેવામાં આવતા હતા. આ રીતે 100-150 જેટલા મોબાઇલ એકત્ર થાય એટલે થેલો ભરી તે ઝારખંડ પહોંચાડવામાં આવતા હતા. જ્યાં પશ્ચિમ બંગાળનો એક વ્યક્તિ આવીને ચોરીના મોબાઇલ ખરીદતો હતો. ચોરી કરવામાં જે સાગરિતોનો ઉપયોગ કરાતો તેને મોબાઈલ દીઠ રૂ. 1,500થી 2,000 આપવામાં આવતા હતા. રેલવે સ્ટેશન, બસ સ્ટેશન સહિતના ભીડભાળનાં સ્થળે આ ટોળકીના સાગરીતો મોબાઇલ ચોરવા જતા હતા. એક સાગરીત મોબાઇલ ચોરી તેની સાથેના સાગરીતને આપી દેતો હતો. જેથી તે મોબાઇલ લઈ ત્યાંથી રવાના થઈ જતો હતો.

## મોટા ભાગે આ ટોળકી એક શહેરમાં એક મહિનો રોકાતી હતી

પોલીસની પ્રાથમિક તપાસમાં સપાટી પર આવેલી હકીકત મુજબ આ ટોળકી મોટા ભાગે એક શહેરમાં એક જ મહિનો રાકાય છે. એક મહિનામાં આશરે 150થી 200 મોબાઇલની ચોરી કરી ચોરીના એ મોબાઇલ ઝારખંડ પહોંચતા કરે છે. ત્યાર બાદ બીજું શહેર પસંદ કરે છે. જોકે, અન્ય શહેરમાં વ્યવસ્થા ન થવાના કારણે આ ટોળકી સુરતમાં દોઢ મહિનો રોકાઈ હતી. સુરતમાં બે સગા ભાઈઓ શુભમ અને સંજય બન્ને ગુનો કરવા આવ્યા હતા.

## આ આરોપીઓ પકડાવાના બાકી

1. શુભમ સુખદેવ નોનિયા (રહેઃ પ્રિયંકા સોસાયટી, ગોડાદરા, મૂળ વતન ઝારખંડ)
2. અવિનાશ તેતર મહંતો (રહેઃ ઝારખંડ)
3. વિશાલ ચૌધરી (ઝારખંડ)
4. સંજય સુખદેવ નોનિયા (રહેઃ પ્રિયંકા સોસાયટી, ગોડાદરા, મૂળ વતન ઝારખંડ)
5. બાદલ (ઝારખંડ)
6. પ્રશાંત શાંતિદેવી (લક્ષ્મણ)નોનિયા (પશ્ચિમ બંગાળ)
7. સચિન સુનીલ નોનિયા (પશ્ચિમ બંગાળ)

## એક પંખાનું બિલ પોલીસને આરોપી સુધી દોરી ગયું

જે મકાનમાંથી 49 મોબાઈલ બિનવારસી મલ્યા હતા તે મકાનમાંથી એક બિલ પોલીસને હાથ લાગ્યું હતું. આરોપીઓએ ઈલેક્ટ્રિક પંખો ખરીદ્યો તેનું બિલ હતું. જેના આધારે પોલીસ એ દુકાન સુધી પહોંચી એ દુકાનના સીસીટીવી કેમેરા ચેક કરી આરોપીઓના ફોટો મેળવ્યા બાદ પોલીસ આરોપીઓ સુધી પહોંચી હતી.

# IPL સટ્ટામાં મનોજ-ગજુ, મહારાજ, કાના સાથે ક્યા પોલીસની ભાગીદારી?

**પોલીસની** 20 ટકાની ભાગીદારી હોવાના લવારા ગોવા ખાતે આ સટોડિયા કરી રહ્યા છે

સુરતઃ સુરત શહેરમાં હાલમાં પ્રતિદિન સો કરોડનો ક્રિકેટ સટ્ટો તેની ચરમસીમાએ છે. ત્યારે ગજુ અને મનોજ તથા કાના અને મહારાજે તેમની પોલીસદાદાઓ સાથે ભાગીદારી હોવાની અફવા હાલમાં શહેરમાં ફેલાવી છે. આ ચીટરો રાજકીય આકાઓ સાથે સેટિંગ કરી હોવાનો દાવો કરી રહ્યા છે તેના પૂરાવો એ છે કે હાલમા બિન્દાસ્ત ધંધો કરી રહ્યા છે. તેમાં એક સમયે શહેરમાં ગેંગવોર કરનારા મનોજ અને ગજુ ઉપરાંત મહારાજ અને કાના સાથે ક્યા પોલીસદાદાઓની ભાગીદારી છે તેના આ લોકો ગોવા ખાતે લવારા કરી રહ્યા છે. આ માફિયાઓ પર એક પણ પોલીસ કેસ થયો નથી તે પણ આ લોકોના ગપગોળાને સમર્થન આપી રહ્યું છે. આ સટોડિયા સાથે એવું કહેવાય છે કે કેટલાક પોલીસદાદાઓ વીસ ટકાની ભાગીદારીમાં છે. આ કિસ્સામાં પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત તપાસ કરે તો ચોંકાવનારી વિગતો બહાર આવી શકે છે. વીસ ટકાની ભાગીદારી જો વાસ્તવમાં ક્રિકેટ સટ્ટામા હોય તો આ ધંધામાં કરોડોની રોકડી જે તે પોલીસદાદાઓ રળી રહ્યા છે.

### કાનો પોલીસને એસીબીની ધમકી આપતો હોવાની વાત

સટોડિયામા એક હજાર કરોડ છાપનાર કાનો તે પોલીસદાદાઓને એસીબીની ધમકી આપતો હોય છે. તેમાં સૌરાષ્ટ્રવાસીઓ પર પકડ ધરાવનાર આ સટોડિયાની પાછળ મોટા રાજકીય માથાઓની મિત્રતા છે. તે જે તે પોલીસ સ્ટેશનોમાં ધાક ધમકી આપીને કામ કરાવી રહ્યો હોવાની વિગતો જાણવા મળી છે.

### મહારાજને બ્રાન્ચમાંથી હીરાની છેતરપિંડીના ગુનામાં કોણે બચાવ્યો

દરમિયાન મહારાજની સામે હાલમાં જ એક બ્રાન્ચમાં હીરાની છેતરિપંડીની ફરિયાદ દાખલ નહી કરાઇ હોવાની વિગતો ચર્ચામાં છે. તેમાં પણ દુબઇની પાર્ટી સાથે હીરા છેતરપિંડીમાં મહારાજનું નામ ખૂલતાં જ તેણે આ કેસમાં નહી આવવા માટે લાખ્ખો રૂપિયાનો વ્યવહાર કર્યો હોવાની વાત ચર્ચામાં છે. દરમિયાન સેમ અને બન્ટી પણ ગુનાહિત માનસિક્તા ધરાવતા ઇસમો ક્રિકેટ સટ્ટામાં વિવાદીત બન્યા છે.

વર્ષોથી સુરત જિલ્લા જેલનું તંત્ર ભ્રષ્ટાચારથી ખદબદી રહ્યું છે

# કેદીની મુલાકાત માટે લાંચ માંગનાર જમાદારને સજા

**જે** જેલમાં કેદી પર રોફ જમાવી પૈસા પડાવનાર જમાદાર હવે કેદી બન્યો

સુરતઃ લાજપોર જેલમા કેદીઓને દરેક સુવિધા માટે રકમનું મેનુ ફીકસ છે. લાજપોર જેલમાં કેદીઓને મળતી વીઆઈપી સગવડનો અહેવાલ ગુજરાતમિત્રએ પ્રસિદ્ધ કરતાં લાજપોર જેલનું પ્રશાસન દોડતુ થઈ ગયુ છે. આવા જ એક કિસ્સામાં સુરત જિલ્લા જેલમાં હત્યા કેસનાં કાચા કામના કેદીની મુલાકાત માટે લાંચ માંગવાના કેસમાં કોર્ટે આરોપી જમાદારને એક વર્ષની સજા ફટકારી હતી. આ કેસની હકીકત મુજબ સૈયદપુરા માર્કેટમાં રહેતાં સુમિત જીવરાજ વાઢેળનો મોટો ભાઈ અમિત ખૂન કેસમાં સુરત જિલ્લા જેલમાં કાચા કામના કેદી તરીકે હોય, જેને મળવા માટે આરોપી જમાદાર નંદુ ભગા પટેલે રુપિયા ૪૦૦થી ૫૦૦ રુપિયાની લાંચ માંગી સાંજે મુલાકાત વખતે લેતાં આવવાનું ફરિયાદીને જણાવ્યું હતું. જેથી ફરિયાદીએ એસીબીનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવતાં એસીબીએ તા.૧૯-૨-૧૦નાં રોજ છટકું ગોઠવી આરોપી જમાદારને સુરત જીલ્લા જેલનાં મુલાકાતી રુમમાં રુપીયા ૨૦૦ની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ સંતોષ ગોહિલ કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી જમાદાર નંદુ પટેલને એક વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો.

# ત્રણ દિવસ પહેલા ગુમ ડભોલીના યુવકની કોહવાયેલી લાશ મળી

સુરતઃ ત્રણ દિવસ પહેલા ઘરેથી નીકળેલા યુવકનું મોટી વેડ નદી કિનારેથી કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. મળેલી માહિતી મુજબ, ડભોલી ગામમાં આવેલ હળપતિવાસમાં 38 વર્ષીય મજૂર હરીશ બુઢિયાભાઈ રાઠોડ ત્રણ દિવસ કામ માટે ઘરેથી નીકળ્યા પછી પરત થયો ન હતો. જેથી તેના પરિવારે પોલીસને જાણ કરતાં તેની શોધખોળ કરવામાં આવી હતી. દરમિયાન શુક્રવારે સવારે મોટી વેડ હળપતિવાસ નદી કિનારેથી તેની કોહવાયેલી લાશ મળી આવી હતી. સિંગણપોર પોલીસે તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડ્યો હતો. તેના સેમ્પલ લેવામાં આવ્યા છે. જેથી તેના રિપોર્ટ આવ્યા બાદ હરીશના મોતનું ચોક્કસ કારણ સામે આવશે.



# મસાલા ખરેખર 'મસાલા' છે?, 17 નમુના તપાસ માટે મોકલાયા

**સુરત** મનપાના ફુડ સેફ્ટી ઓફિસરોના વરાછા, રાંદેર અને વેસુ સહિતના વિસ્તારોના 13 એકમો પર દરોડા

સુરત : ઉનાળાની શરૂઆત થતા જ સુરતીલાલાઓ આખા વર્ષના મરી-મસાલા ભરાવવાની તૈયારી કરતા હોય છે, ત્યારે નાગરિકોના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડાં ન થાય તે માટે સુરત મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર એક્શન મોડમાં આવ્યું છે.

શુક્રવારે ફૂડ સેફ્ટી ઓફિસરોની વિવિધ ટીમોએ શહેરના રાંદેર, વરાછા, વેસુ, અડાજણ અને પાલ જેવા પોશ વિસ્તારોમાં ત્રાટકીને કુલ 13 જેટલા મસાલાના વેચાણ અને દળણના એકમો પર આકસ્મિક તપાસ હાથ ધરી હતી.

ખાસ કરીને વરાછાના યોગીચોક અને વરાછા રોડ પર આવેલા જાણીતા 'મરચા ફાર્મ' અને 'મસાલા ભંડારો'માં તપાસનો ધમધમાટ જોવા મળ્યો હતો.

આ કામગીરી દરમિયાન અધિકારીઓએ મસાલાની શુદ્ધતા અંગે શંકા જણાતા કુલ 17 જેટલા નમૂનાઓ જપ્ત કર્યા છે, જેને તાત્કાલિક પૃથ્થકરણ માટે પાલિકાની પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. તપાસ દરમિયાન મસાલામાં કૃત્રિમ રંગ કે અન્ય કોઈ પદાર્થની ભેળસેળ છે કે નહીં તેની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આરોગ્ય અધિકારીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો લેબ રિપોર્ટમાં આ નમૂનાઓ સબ-સ્ટાન્ડર્ડ કે ભેળસેળિયા સાબિત થશે, તો જવાબદાર પેઢીઓ સામે 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ' હેઠળ કડક દંડ અને જેલ જેવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. મનપાની આ સક્રિયતાને કારણે ભેળસેળિયા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### કઇ સંસ્થામાં ચેકિંગ કરાયું

- જલારામ મસાલા (રાંદેર રોડ, નવયુગ કોલેજ પાસે)
- જય ચામુંડા મરચા ફાર્મ (મહાવીર ચોક, વરાછા)
- જય ખોડિયાર મસાલા ભંડાર (યોગીચોક, વરાછા)
- જય ખોડિયાર મરચા ફાર્મ (વરાછા)
- સિદ્ધેશ્વર મરચા ફાર્મ (યોગીચોક, વરાછા)
- જીવીએમ મસાલા (રંગીલાપાર્ક ચાર રસ્તા, ઘોડદોડ રોડ)
- ઓમ બુટભવાની મરચા ફાર્મ (વરાછા)
- સાંઈ સમ્રાટ મસાલા ભંડાર (યોગીચોક વરાછા)
- ભોજલરામ મસાલા (વીઆઇપી રોડ, વેસુ)
- જલારામ મસાલ (ગૌરવ પથ, પાલ, સુરત)
- જલારામ મસાલા (જહાંગીરપુરા)
- જલારામ મસાલા (પીપલોદ)
- જલારામ મસાલા (અડાજણ)

# ગર્ભપાતનો આરોપી બે દિવસનાં પોલીસ રિમાન્ડ પર

સુરતઃ વરાછાના લંબેહનુમાન રોડ પર મમતા મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલમાં માત્ર રૂ. 10 હજારમાં ગર્ભાપત કરનાર આરોપીના કોર્ટે બે દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ગેરકાયદે ગર્ભપાત કરનારા રામગોપાલ શ્રીકિશન ખંડેલવાલ પાસે કોઈ તબીબી ડિગ્રી નથી. તે માત્ર ફાર્માસિસ્ટ છે છતાં ગર્ભાત કરતો હતો તેમ કહી તપાસનીશ અધિકારી પોઈ એમ.જી. કરડાણીએકહ્યું હતું કે આ સ્થળે માત્ર ગર્ભપાત જ કરાવતો હતો. ગર્ભ પરિક્ષણ એટલે કે સોનાગ્રાફી થતી ન હતી. જેથી આ સોનાગ્રાફી ક્યાં કરાવતો હતો? તેણે કોઈ એજન્ટો રાખ્યા છે કે કેમ? અન્ય કોઈની સંડોવણી આ કૌભાંડમાં છે કે કેમ? વગેરે મુદ્દે તપાસ કરવા માટે રિમાન્ડની માગણી કરવામાં આવી હતી.

# વરાછામાં 40 હજાર ઘરોમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ

**સુરત** મનપાનું 'મિશન ક્લીન', બેદરકારોને નોટિસ અને દંડ

**બાંધકામ** સાઇટ્સ અને ખુલ્લા પ્લોટ ધારકો પાસેથી વહીવટી ખર્ચની વસૂલાત

સુરત : ચોમાસાની પૂર્વતૈયારીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના વરાછા-એ ઝોનના ના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા તારીખ 04/05/2026 થી 08/05/2026 દરમિયાન સઘન સર્વે કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ તપાસ અભિયાન હેઠળ વરાછા વિસ્તારના કુલ 40,320 ઘરો અને 80,065 જેટલા કન્ટેનરોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી, જેમાંથી 131 સ્થળોએ મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો મળી આવ્યા હતા. આરોગ્ય વિભાગે તાત્કાલિક પગલાં લેતા આ ઉત્પત્તિ સ્થાનોનો નાશ કર્યો હતો અને બેદરકારી દાખવનારા 17 રહીશોને નોટિસ ફટકારી હતી.

આ ઉપરાંત, મચ્છરજન્ય રોગોને અટકાવવા માટે વિવિધ સોસાયટીઓ અને ઝૂંપડપટ્ટી વિસ્તારોમાંથી 176 જેટલા બિનજરૂરી પડતર કન્ટેનરો પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

રહેણાંક વિસ્તારોની સાથે સાથે વહીવટી તંત્રે નિર્માણધીન સાઈટ્સ અને ખુલ્લા પ્લોટ પર પણ કડક કાર્યવાહી કરી હતી. ઝોન વિસ્તારમાં ચાલતા કુલ 99 બાંધકામોના સર્વે દરમિયાન ખામીઓ જણાતા સંબધિત ઈજારદારો પાસેથી કુલ 32,000 નો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવ્યો છે.

### ક્યાં તપાસ અને કાર્યવાહી કરાઇ

ભગુનગર, મોહન કાકાની ચાલ, રેલ્વે કોલોની, માતૃશક્તિ સોસાયટી, પટેલ નગર, ડાહ્યા પાર્ક, સીતારામ સોસાયટી, કલ્યાણ નગર અને સરિતા સોસાયટી, રાણાપંચની વાડી, કોહિનુર સોસાયટી, ભાતની વાડી, વિવેકાનંદ ઝૂંપડપટ્ટી, શિવનગર સોસાયટી અને શક્તિનગર સોસાયટી. કન્સ્ટ્રક્શન સાઇટ્સઃ સિલ્વર બિઝનેસ પાર્ક, ઇન્દિરાનગર, રામજી ડાયમંડ, પૂર્વી સોસાયટી, સ્મીમેર હોસ્પિટલ અને મહેસુલી કચેરી બાંધકામ, ખુલ્લા પ્લોટ : કેસરી ઇન્ડસ્ટ્રીઝનો પ્લોટ, વનમાળી સોસાયટીનો પ્લોટ, એમેઝિંગ સ્ટારનો પ્લોટ અને વિલનગરની પાછળનો પ્લોટ.

# A-1 ગ્રેડ મેળવનાર સુમનના વિદ્યાર્થીઓને 7,000 ઈનામ

**ધો.10** અને 12 મળીને કુલ 340 વિદ્યાર્થીઓ દ્વારા A-1 ગ્રેડ મેળવવામાં આવ્યો છે

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળાઓએ ફરી એકવાર શિક્ષણ ક્ષેત્રે પોતાની મજબૂત પકડ સાબિત કરી છે. આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે માત્ર 4 શાળાથી શરૂ થયેલું આ અભિયાન હવે 29 શાળા સુધી વિસ્તર્યું છે.

તાજેતરમાં જાહેર થયેલા ધો.10 અને 12ના બોર્ડનાં પરિણામોમાં સુમન શાળાના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવી છે. આ વર્ષે ધો.10 અને 12 મળીને કુલ 340 વિદ્યાર્થીએ A-1 ગ્રેડ હાંસલ કર્યો છે. પાલિકાની સ્કોલરશિપ યોજના હેઠળ આ તમામ તેજસ્વી તારલાઓને પ્રોત્સાહન સ્વરૂપે 7,000નો રોકડ પુરસ્કાર આપી નવા પદાધિકારીઓના હસ્તે સન્માનિત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે 303 વિદ્યાર્થીને આ પુરસ્કાર મળ્યો હતો, જેની સરખામણીએ આ વર્ષે સંખ્યામાં મોટો વધારો થયો છે. પરિણામોની વિગતો જોઈએ તો, ધોરણ-12 કોમર્સમાં સુમન શાળાઓનું પરિણામ 98.48% અને સાયન્સમાં 100% પરિણામ આવ્યું છે. ધોરણ-12માં કુલ 102 વિદ્યાર્થીએ A-1 ગ્રેડ મેળવ્યો છે, જેમાં ગુજરાતી માધ્યમના 79, મરાઠીના 20 અને હિન્દી માધ્યમના 3 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. તેવી જ રીતે ધોરણ-10માં વિવિધ માધ્યમોના કુલ 238 વિદ્યાર્થી A-1 ગ્રેડ લાવવામાં સફળ રહ્યા છે. જેમાં ગુજરાતી માધ્યમના 179, મરાઠીના 42, હિન્દી અને ઓરિયા માધ્યમના 6-6 તથા અંગ્રેજી માધ્યમના 5 વિદ્યાર્થીએ મેદાન માર્યું છે.

# મનપાની ચૂંટણીમાં જીતેલા તમામ હવે સત્તાવાર કોર્પોરેટર ગણાશે

**સરકારી** ગેઝેટ પ્રસિદ્ધ કરી દેવાયું, હવે સભા બોલાવી મેયર સહિતના પદાધિકારીઓની વરણી થશે

સુરતઃ સુરત મમનપાની ચૂંટણીમાં જીતેલા તમામ હવે સત્તાવાર કોર્પોરેટર બની ગયા છે. સરકારી ગેઝેટ પ્રસિદ્ધ કરી દેવાયું છે.

આ પ્રક્રિયા બાદ હવે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તાનું નવું માળખું રચાશે, હવે પછીની પ્રક્રિયામાં સૌથી મહત્ત્વનો તબક્કો મેયર અને અન્ય પદાધિકારીઓની પસંદગીનો રહેશે. નિયમ મુજબ, રાજ્ય સરકાર તરફથી નામ જાહેર થયા બાદ હવે મ્યુનિસિપલ કમિશનર દ્વારા તમામ નવા સભ્યોની પ્રથમ સામાન્ય સભા બોલાવવામાં આવશે. આ સભામાં ચુંટાયેલા પ્રતિનિધિઓને શપથ લેવડાવવામાં આવશે અને ત્યારબાદ શહેરના પ્રથમ નાગરિક એવા 'મેયર', ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી)ના સભ્યોની વરણી કરવામાં આવશે.

આ નવી બોડી આવનારાં 5 વર્ષ સુધી સુરતના રસ્તા, પાણી, ગટર અને આરોગ્ય જેવી પાયાની જરૂરિયાતોનું ધ્યાન રાખશે. ચૂંટણીનાં પરિણામોના આધારે રચાયેલું આ નવું બોર્ડ આગામી દિવસોમાં વિધિવત રીતે ચાર્જ સંભાળશે અને કામગીરી શરૂ કરશે. જેથી શહેરના અટકેલાં વિકાસકામોને ફરી વેગ મળશે અને જનતાના પ્રશ્નોનો વહેલી તકે નિકાલ આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### જીડી ગોએન્કા સ્કૂલ દ્વારા ફેમિલી સોશિયલ ગેધરિંગ યોજાયું



સુરતઃ જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રી-પ્રાયમરી વિભાગ દ્વારા ગત ૨ મે ૨૦૨૬ના રોજ "ફિલિપાઈન્સ આઈલેન્ડ પેરેડાઈઝ"થીમ પર એક જીવંત અને આનંદમય 'સોશિયલ ગેધરિંગ વિથ ફેમિલી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય માતા-પિતા અને બાળકો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો હતો. ઉજવણીમાં મધર એન્ડ ચાઈલ્ડ પૂલ પાર્ટી, પિતાઓ માટે ઓડિટોરિયમમાં કાર્યક્રમ, રંગારંગ પ્રવૃત્તિઓ તેમજ એવોર્ડ સેરેમની યોજાઈ હતી. આયોજન પ્રી-પ્રાયમરી વિભાગના ડીન શ્રીમતી અંકિતા મુલિયા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં સેક્શન એક્ટિવિટી હેડ્સ જાનકી પટેલ, આકાંક્ષા ડાગા અને સિમરન અગ્રવાલનો સક્રિય સહયોગ રહ્યો હતો. શાળાના એકેડેમિક ડાયરેક્ટર અને પ્રિન્સિપાલ ડો. શ્રુતિ અગ્રવાલ તથા ડાયરેક્ટર ઓપરેશન્સ ડો. સેજલ ઠક્કરના સક્ષમ માર્ગદર્શન હેઠળ આ ઇવેન્ટ સફળ રહી હતી. પ્રાયમરી વિભાગના ડીન ડો. શિલ્પા સૂર્યા દ્વારા કાર્યક્રમનું સુવ્યવસ્થિત સંકલન કરવામાં આવ્યું હતું.

### કેપી ગ્રુપના ચેરમેન-એમડી ડો. ફારુક પટેલને 'બ્રિક્સ ઇન્ટરનેશનલ એવોર્ડ'




દિલ્હીઃ કેપી ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. ફારુક જી. પટેલને ન્યૂ દિલ્હી ખાતે યોજાયેલા બ્રિક્સ ઇન્ટરનેશનલ ઇન્વેસ્ટમેન્ટ ફોરમ-૨૦૨૬ દરમિયાન બ્રિક્સ ઇન્ટરનેશનલ એવોર્ડ ફોર સસ્ટેનેબલ એનર્જી લીડરશીપથી સન્માનિત કરવામાં આવ્યા. ડો. ફારુક પટેલને ક્લીન એનર્જી એડોપ્શનને પ્રોત્સાહન આપવા તથા ઇકોનોમિક ડેવલપમેન્ટ સાથે એન્વાયરમેન્ટલ રિસ્પોન્સિબિલિટીને સમર્થન આપતી લાર્જ-સ્કેલ રિન્યુએબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉભી કરવા બદલ આ સન્માન આપવામાં આવ્યું. ફોરમ દરમિયાન મુખ્ય વક્તા તરીકે ડો. ફારુક પટેલે ઇમર્જિંગ ઇકોનોમીઝના ભવિષ્યને આકાર આપવામાં રિન્યુએબલ એનર્જીની પરિવર્તનકારી ભૂમિકા વિષે ભાર આપ્યો હતો. તેમણે જણાવ્યું કે સસ્ટેનેબલ એનર્જી હવે માત્ર પર્યાવરણીય આવશ્યકતા નથી, પરંતુ લાંબા ગાળાની આર્થિક વૃદ્ધિ અને સ્થિતિસ્થાપકતા માટે એક નિર્ણાયક પરિબળ છે.

### જીવનભારતી મંડળ સંચાલિત ગ્રંથાલય રવિવારે પણ ખુલ્લું રહેશે

સુરતઃ શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા જીવન ભારતી મંડળ દ્વારા સંચાલિત 'ડો. ચંપકલાલ ઝવેરચંદ શાહ ગ્રંથાલય અને પ્રકલ્પ સંસાધન કેન્દ્ર' દ્વારા વાંચન પ્રેમીઓ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જ્ઞાનના વ્યાપને વધારવા અને વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ રસ ધરાવનાર પુસ્તક પ્રેમીઓને અનુકૂળતા કરી આપવા માટે હવે આ ગ્રંથાલય રવિવારના દિવસે પણ ખુલ્લું રાખવામાં આવ્યું છે. વધુ માહિતી માટે મધ્યસ્થ ગ્રંથાલય જીવનભારતી મંડળ, સુરતનો સંપર્ક કરવાનો રહેશે.

### અમદાવાદની કે.ડી. હોસ્પિટલમાં કેન્સર સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો

અમદાવાદઃ અમદાવાદના એસ.જી. હાઈવે સ્થિત કે.ડી. હોસ્પિટલ દ્વારા અદ્યતન કે.ડી. કેન્સર સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. નવા કેન્સર સેન્ટરમાં ઓન્કોલોજી, રેડિયોલોજી, ડાયગ્નોસ્ટિક્સ અને સપોર્ટિવ કેર જેવી તમામ સેવાઓને એક જ સ્થળે ઉપલબ્ધ બનેશે, જેથી દર્દીઓને સરળ અને ઝડપી સારવાર મળી રહેશે. કે.ડી. હોસ્પિટલના મેનેજિંગ ડિરેક્ટર ડો. આદિત દેસાઈએ જણાવ્યું હતું કે, આ કેન્સર સેન્ટર માત્ર સારવાર પૂરતું મર્યાદિત નથી, પરંતુ દર્દીઓને નવી આશા અને જીવનને નવી દિશા આપવા માટેનું મહત્વપૂર્ણ પગલું છે. સેન્ટરમાં ડિજિટલ PET-CT, અદ્યતન રોબોટિક સર્જરી તેમજ અન્ય આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. સિનિયર કન્સલ્ટન્ટ ડો. સોમેશ ચંદ્રાએ જણાવ્યું હતું કે, કે.ડી. કેન્સર સેન્ટરમાં સર્જિકલ ઓન્કોલોજી, મેડિકલ ઓન્કોલોજી, ન્યૂક્લિયર મેડિસિન અને રોબોટિક સર્જરીના નિષ્ણાતો દર્દીઓને સમર્પિત સેવા આપશે.

### લોકમાન્ય વિદ્યાલય સેકન્ડરી સ્કૂલનું ધો.10નું 100 ટકા પરિણામ




સુરતઃ શ્રી સર્વદેશીય વિકાસ મંડળ સંચાલિત લોકમાન્ય વિદ્યાલય સેકન્ડરી સ્કૂલનું ધો.10નું 100 ટકા પરિણામ આવ્યું છે, જેમાં 19 વિદ્યાર્થીએ એ-1 ગ્રેડ મેળવ્યો છે. તથા 49 વિદ્યાર્થીએ એ-2 ગ્રેડ મેળવ્યો છે. શાળાના ટોપ-10 વિદ્યાર્થીઓમાં તીર્થ કલ્પેશભાઈ રાંચના 98.17 ટકા, અનીકુમારી પટેલના 97.33 ટકા, વેનિષા પટેલના 97 ટકા, પ્રાંજલ પટેલના 96 ટકા, પ્રહર્ષ પટેલના 96 ટકા, જેનિલ પટેલના 95.83 ટકા, નૈતિક પટેલના 95.67 ટકા, ચાહત પટેલના 94.67 ટકા, દર્શિલ પટેલના 94.33 ટકા અને વિશ્વા પટેલે 94 ટકા પરિણામ પ્રાપ્ત કર્યું છે.

### અમરોલીમાં માધવબાગ વિદ્યાભવનનું ધોરણ-10માં 98.80% પરિણામ



સુરતઃ સુરતના અમરોલી વિસ્તારમાં આવેલી માધવબાગ વિદ્યાભવનનું ધોરણ-10 બોર્ડ પરીક્ષામાં કુલ પરિણામ 98.80 ટકા નોંધાયું છે. પરિણામની વિશેષતા એ રહી કે 36 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ અને 63 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. કુલ 45 ટકા વિદ્યાર્થીઓએ A1-A2 ગ્રેડ પ્રાપ્ત કર્યા છે. શાળાના સંચાલકોના જણાવ્યા મુજબ અમરોલી વિસ્તારમાં સૌથી વધુ A1 અને A2 ગ્રેડ મેળવનારી શાળા તરીકે માધવબાગ વિદ્યાભવન આગળ રહ્યું છે. શાળાના ટ્રસ્ટી મંડળ અને આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકોને અભિનંદન પાઠવી વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.